# કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટકમા પુર-વરસાદથી હાહાકાર

**ભારે વરસાદ અને પુરના કારણે મોતનો આંકડો ૯૫, સેંકડો લાપતા : જોરદાર વરસાદ અને પુરના લીધે એકલા કેરળમાં ૪૨થી વધુ લોકોના મોત થયા : કર્ણાટકમાં ૨૨ તેમજ મહારાષ્ટ્રમાં ૩૦થી વધુના મોત**









નવી દિલ્હી,તા. ૧૦

ભારે વરસાદ અને પુરના કારણે કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં હાહાકાર મચી ગયો છે. છેલ્લા ૭૨ કલાકમાં આ ત્રણેય રાજ્યોમાં ૯૫ લોકોના મોત થઈ ચુક્યા છે. સત્તાવાર મોતના આંકડા જારી કરવામાં આવ્યા છે. બિનસત્તાવાર રીતે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. સેંકડો લોકો લાપતા થયેલા છે. બચાવ અને રાહત કામગીરામાં ત્રણેય રાજ્યોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ટીમો લાગેલી છે. ભારે વરસાદ અને પુરના કારણે કેરળમાં ૪૨ લોકોના મોત થયા છે. જ્યારે કેરળના વાયનાડ અને મલપ્પુરમમાં ભેખડો ધસી પડવાના બનાવોના કારણે ૪૦થી વધારે લોકો હજુ પણ ફસાયેલા છે. બચાવ અને રાહત કામગીરીમાં સેના અને એનડીઆરએફની ટીમો લાગેલી છે. તમિળનાડુમાં ભારે વરસાદના કારણે પાંચ લોકોના મોત થયા છે. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, પુણે અને સતારામાં ફસાયેલા ૨૦૫૫૯૧ લોકોને સુરક્ષિત સ્થળ પર લઈ જવામાં આવ્યા છે. કોલ્બાપુરમાં ૯૭૧૦૨ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા છે. મુંબઈને કોલ્હાપુર સાથે જોડનાર નેશનલ હાઈવે હજુ પણ બંધ હાલતમાં છે. જેના પરિણામસ્વરૂપે ખેડ, સતારા, અને કરાડ તરફ જતા ૩૦ હજાર ભારે વાહનોની લાઈનો લાગી ગઈ છે. આ વાહનો જુદા જુદા સ્થળ પર અટવાયા છે.

પશ્ચિમી મહારાષ્ટ્રમાં ૨.૮૫ લાખ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સાંગલીમાં નવ લોકો હજુ પણ લાપતા છે. કોલ્હાપુરમાં પણ અનેક લોકો હાલ લાપતા છે. તમામ વિસ્તારોમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી છે. બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. અસરગ્રસ્ત રાજ્યોમાં પુર પ્રભાવિત વિસ્તારોમાં એનડીઆરએફની ટીમ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. મોટી સંખ્યામાં લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કેરળમાં પુરની સ્થિતી વધુને વધુ ગંભીર બની રહી છે. એકલા કેરળમાં જ ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થઈ ચુકયા છે. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે.કેરળમાં શુક્રવારના દિવસે ૨૭ અને આજે શનિવારના દિવસે બીજા સાત લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૪૨ ઉપર પહોંચી ગયો છે. બચાવ ટીમ દ્વારા વાયનાડમાંથી નવના મૃતદેહો શોધી કાઢવામાં આવ્યા છે. કેરળના સાત જિલ્લામાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

# રાજ્યભરમાં મેઘમહેર : બરવાળામાં ૧૫ ઈંચ

**મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, ખેડામાં અતિભારે વર્ષા : મહુઘા-ઘંઘુકામાં ૧૩ ઈંચ, કડી-ગઢડામાં ૧૨ ઈંચ, રાણપુર-ગલતેશ્વરમાં ૧૦ ઈંચ વરસાદ : રાજ્યના ૨૨૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ : રાજ્યનો મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૭.૮૦ ટકા નોંધાયો**







ગાંધીનગર, તા.૧૦

સૌરાષ્ટ્ર અને કચ્છ અને ગુજરાતના અન્ય ભાગોમાં મોનસુન હવે જોરદાર રીતે સક્રિય થઈ ગયું છે. રાજ્યભરમાં શ્રીકાર વરસાદ પડી રહ્યો છે. મોટાભાગના વિસ્તારો જળબંબાકાર બની ગયા છે. ખેડા, અમદાવાદ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રોજકોટ, ગાંધીનગર સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડ્યો છે. રાજ્યભરમાં મેઘતાંડવની સ્થિતિ સર્જાઈ છે. વરસાદ અને પુર સંબંધિત ઘટનાઓમાં ૨૦થી વધુ લોકોના મોત થયા છે. જે ૨૦ લોકોના મોત થયા છે તે પૈકી અમદાવાદમાં ચાર, નડિયાદમાં ચાર, મોરબીમાં આઠ, પાદરા અને વડોદરામાં એક-એક વ્યક્તિના મોત થયા છે. અન્યત્ર બે લોકોના મોત થયા છે. બચાવ અને રાહત કામગીરી તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જામનગર પંથક અને મોરબીમાં હાલત કફોડી બની છે. બંન્ને જગ્યાઓ પર આઠથી બાર ઈંચ સુધીનો વરસાદ આજે ખાબક્યો હતો. ટંકારા, રાપરમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો છે. સુરેન્દ્રનગરમાં પણ દસ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જામનગર કાલાવાડમાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજકોટ અને અન્ય વિસ્તારોમાં હાલત કફોડી બની ગઈ છે. મેઘરાજાએ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસાવી જોરદાર જમાવટ કરી છે. બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. જેમાં બરવાળા તાલુકામાં ૧૬ ઈંચ, મહુધા અને ધંધુકામાં ૧૪ ઈંચ, રાજકોટ, કડી અને ગઢડામાં ૧૩ ઈંચ, રાણપુર અને ગલતેશ્વરમાં ૧૦ ઈંચ, રાજકોટમાં ૩૦ કલાકમાં ૧૭ ઈંચ, મોરબી-ટંકારામાં ૧૧ ઈંચ, કલોલમાં નવ ઈંચ, ધોલેરામાં સાડા નવ ઈંચ, મહેસાણાના જોટાણામાં સાડા આઠ ઈંચ, સુરતના ઉપરપાડામાં અને ડાંગના સુબીરમાં સાડ છ ઈંચ, બાબરામાં પાંચ ઈંચ, અમરેલીમાં સાડા ચાર ઈંચ, તાપીના સોનગઢમાં કચ્છના રાપરમા ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલ દરમ્યાન અલગ અલગ પાંચથી વધુ દુર્ઘટનામાં ૨૦થી વધુ લોકોના મોત નોંધાતા મેઘકહેરની વાત પણ સામે આવી હતી. જેમાં મોરબીમાં કામધેનુ પાર્ટી પ્લોટ પાસે દિવાલ પડતાં આઠ મજૂરોના કરૂણ મોત થયા હતા. નડિયાદમાં ફ્લેટ ધરાશાયી થતા ચાર લોકો મોતને ભેટ્યા હતા. અમદાવાદના બોપલમાં બંગ્લાની દીવાલ પડતાં દટાઈ જવાથી ચાર લોકોએ જીવ ગુમાવ્યો હતો.

તો, અમરેલીના વાડીયાના હનુમાન ખીજડિયા ગામના નાળામાં બે બાળકો ડૂબી ગયા હતા. વડોદરાના કલાલી ગામમાં નિંદ્રાધિન વૃધ્ધ ઉપર પાડોશીના જર્જરીત મકાનની દીવાલ પડતા તેમનું સ્થળ પર મોત નીપજ્યું હતું. રાજયમાં મેઘકહેરને લઈ પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી આઠ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ, આજે તારીખ ૧૦ ઓગસ્ટ અને સવારે છ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમ્યાન ધાંગધ્રા તાલુકામાં ૨૧૧મી.મી, જોટાણામાં ૨૧૦ મી.મી, વલ્લભીપૂરમાં ૨૦૫ મી.મી, નાંદોદમાં ૨૦૧મી.મી અને છોટાઉદેપુરમાં ૨૦૦ મી.મી. મળી કુલ પાંચ તાલુકાઓમાં ૮ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે થાનગઢમા ૧૮૬ મી.મી, વઢવાણમાં ૧૮૫ મી.મી મળી કુલ ૧૪ તાલુકાઓમાં સાત ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

**જન્મદિને વધામણી**



**દિલીપ ગજ્જર**
**સહાયક માહિતી નિયામક**
**ફોન : ૯૯૭૮૪૪૦૯૪૧**

## મચ્છુ ડેમ-૨ ઓવરફ્લો

**મોરબી-ટંકારામાં ૧૧ ઇંચ : અમરેલીમાં ધોધમાર વરસાદ : ગાગડીયા નદીમાં ઘોડાપૂર ગોંડલ શહેર-તાલુકામાં આઠ ઈંચ : વાંકાનેરમાં સાત ઈંચ**

ગાંધીનગર, તા.૧૦

સૌરાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકથી ભારે વરસાદ પડી રહ્યો છે. ભારેથી અતિ ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં મોરબી-ટંકારામાં સૌથી વધુ ૧૧ ઈંચ, માળિયામીયાણાંમાં આઠ ઈંચ, અમરેલીમાં ૫ ઈંચ, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા પંથકમાં આઠ ઈંચ, જામનગરના કાલાવડમાં આઠ ઈંચ, રાજકોટના લોધિકા, પડધરી સહિતના પથકોમાં પણ આઠ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે રાજકોટ સહિતના મેઘમહેરવાળા પંથકોમાં ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં હજુ પણ વરસાદ વરસી રહ્યો છે. આ તરફ જૂનાગઢ, દ્વારકા સહિતના પંથકોમાં પણ ભારે વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. બીજીબાજુ, આવતીકાલે એટલે કે તા.૧૧ ઓગસ્ટે મચ્છુ હોનારતને ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છેજ, લોકોને મચ્છુ ડેમ તૂટવાની વર્ષો જૂની યાદો તાજી થઈ આવે તે સ્વાભાવિક છે. બીજીબાજુ, મચ્છુ-૨ ડેમની સપાટી ૩૦ ફૂટે પહોંચી છે અને તેના દરવાજા ખોલવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રમાં ચારેબાજુ અનારાધાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે અમરેલીમાં ૧૧૫ મી.મી, વડીયામાં ૧૧૩ મી.મી, ખાંભામાં ૧૪ મી.મી, જાફરાબાદમાં ૮ મી.મી, ધારીમાં ૩૦ મી.મી, બગસરામાં ૫૦ મી.મી, બાબરામાં ૧૨૪ મી.મી, રાજુલામાં ૭ મી.મી, લાઠીમાં ૧૧૮ મી.મી, લીલીમાં ૨૧ મી.મી, સાવરકુંડલામાં ૩૦ મી.મી વરસાદ ખાબક્યો હતો.

## કડી-દેત્રોજમાં ૧૩ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા.૧૦

ચાતક પક્ષીની જેમ રાહ જોઈ રહેલા ઉત્તર ગુજરાત ઉપર પણ છેલ્લા બે દિવસથી મેઘમહેર વરસી છે. જેમાં ઉત્તર ગુજરાતના ૩૦થી વધુ તાલુકામાં ગઈકાલે સવારે ૬ થી સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં ૧થી ૬ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ પાટણના હારીજમાં ૬ ઈંચ, સરસ્વતીમાં ૫ ઈંચ, પાટણ અને સમીમાં ૪-૪ ઈંચ તેમજ અરવલ્લીના ધનસુરામાં ૪ ઈંચ વરસાદ ખાબકતાં નીચાણના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ૧૧ તાલુકામાં બે ઈંચ અને ૧૧ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. બાકીના ૧૭ તાલુકામાં ધીમીધારે વરસાદથી વાતાવરણમાં શીતલહેર પ્રસરી હતી. તો સાર્વત્રિક વરસાદથી રાહ જોઈને બેઠેલા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. આ વરસાદથી વાવેતર કરેલા એરંડા, બાજરી, જુવાર, કઠોળ વગેરે પાકને જીવતદાન મળ્યું છે. જો કે, કડી, દેત્રોજ સહિતના પંથકોમાં ૧૩ ઈંચથી વધુ અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જેને પગલે કડી-દેત્રોજ હાઈવે પર બેથી ચાર ફુટ ઉંડા પાણી ફરી વળ્યા હતા અને વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. મહેસાણા સહિત સમગ્ર જિલ્લામાં શુક્રવાર સાંજે ૬ વાગે પૂરા થતા ૨૪ કલાકમાં તમામ ૧૦ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર થઈ હતી., જે આજે પણ ચાલુ રહી હતી. સૌથી વધુ વરસાદ કડી-દેત્રોજ પંથકમાં નોંધાયો હતો, જ્યાં ૧૩ ઈંચ સુધી વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી જ પાણી જોવા મળતુ હતું. આ સિવાય મહેસાણા જિલ્લાના સતલાસણામાં ચાર ઈંચ, ખેરાલુ અને વિજાપુરમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. બંગાળની ખાડીમાં સર્જાયેલ લો પ્રેશર ડીપ્રેશનમાં ફેરવાતાં ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વત્તા ઓછા પ્રમાણમાં વરસાદ થયો હતો. તો, પાલનપુર જિલ્લામાં ભાભરમાં ચાર ઈંચ, દાંતીવાડા અને દિયોદરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

## જળબંબાકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજબરોજ આકાશમાં ઘેરાતા વાદળો મનમુકીને વરસે તેવી આશ પ્રબળ બની હતી. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહીતના શહેરોમાં મેઘરાજાની ધમાકેદાર ઈનીંગ્સથી ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગાંધીનગરમાં અષાઢ આખો કોરો વિત્યા બાદ શ્રાવણના પ્રારંભે વરસતા સરવરિયાના લીધે વરસાદનો વિલંબ સૌ કોઈ માટે ચિંતાનુ કારણ બન્યો હતો. પરંતુ શ્રાવણના પ્રથમ સપ્તાહના અંતે જ મેઘરાજા મુડમાં આવી જતા છેલ્લા બે દિવસથી વરસાદ મનમુકીને વરસી રહ્યો છે. ગઈકાલ સાંજથી મેઘરાજાએ ધમાકેદાર વરસવાનુ શરૂ કર્યુ હતુ. આખી રાત વરસાદ વરસવાની સાથે આજે પણ દિવસ દરમિયાન હળવા ભારે વરસાદી ઝાપટા ચાલુ રહ્યા હતા. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ મી મી વરસાદ વરસ્યો હતો. જેના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે. વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે માટી પોલાણથી ગાબડા પડતા ભયજનક સ્થિતિ સર્જાઈ છે. રજાના દિવસોમાં વરસાદી મોસમનો નઝારો નિખરતા નગરજનોએ પણ મનભરીને મોસમની મજા માંણી હતી. ગઈકાલ રાતથી આજ સાંજ સુધીમાં જિલ્લામાં સાર્વત્રિક વરસાદનુ મોજુ ફરી વળ્યુ છે. કલોલમાં એક જ રાતમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે છેલ્લા ૩૬ કલાકમાં કલોલમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જેના લીધે કલોલમાં ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

નિચાણવાળા વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયા છે. દહેગામમાં પણ ૮૦ મી મી વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જયારે માણસામાં પણ ૪ ઈંચ વરસાદ થયો છે. ગાંધીનગર તાલુકામાં પણ ૬૫ મી મી વરસાદ વરસ્યો હતો. ગાંધીનગર શહેરમાં ગઈકાલે દિવસ દરમિયાન હળવા વરસાદી ઝાપટા બાદ સાંજે ૭ વાગ્યાના અરસાથી ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. રાત્રિના ૧૦ : ૩૦ કલાક સુધીમાં જ બે ઈંચ વરસાદ વરસી ગયો હતો. જયારે મોડીરાત્ર પણ વરસાદ વરસવાનુ ચાલુ રહેતા સવારે સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આખી રાત વરસાદના હળવા ભારે ઝાપટા વરસ્યા હતા. જયારે આજે પણ સવારે પણ વરસાદી નઝારો નિખર્યો હતો. દિવસ દરમિયાન રીમઝીમ વરસાદ વરસ્યો હતો. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ મી મી વરસાદ થયો હતો. જેના અંતે ગાંધીનગરમાં સિઝનનો અત્યાર સુધીનો વરસાદ ૩૬૫ મી મી થયો છે. ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસમાં જ સિઝનનો નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. શહેરમાં સતત વરસાદના લીધે સેકટરોમાં કેટલાક ઠેકાણે વૃક્ષ ધરાશાયી થઈ ગયા છે. સે-૨૧, સે-૩ ,સે-૭ સહીત સરગાસણ વિસ્તારમાં પણ વૃક્ષો જમીનદોસ્ત થયા છે. આ ઉપરાંત વરસાદના લીધે માટી પોલાણ થવાના લીધે સેકટરોમાં મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડે છે. બીજીતરફ મુશળધાર વરસાદના લીધે શહેરમાં ઠંડકનુ મોજુ ફરી વળ્યુ છે. હરિયાળી નિખરતા નગરજનો મોસમનો લવલી નઝારો માંણી રહ્યા છે.





**પ્રાંતિજમાં શ્રી દશામાંના મંદિરે સમૂહ આરતી યોજાઈ**

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજમાં આવેલ મા દશામાંના મંદિર ખાતે સમૂહ આરતી યોજાઈ હતી જેમાં માઈ ભકતોએ માની આરતી ઉતારી ધન્યતા અનુભવી. પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રીદશામાંના વ્રત મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યાં છે ત્યારે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી દશામાના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા અષ્ટમી આઠના દિવસે રાત્રીના સમયે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રાંતિજ સહિત આજુબાજુના ધર્મપ્રેમી લોકો સહિત દશામાનું વ્રત કરતી મહિલાઓ સહિત માઈ ભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને માના દર્શન કરી માની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. મંદિરના ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી જયારે દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા મંદિર ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રીકાર વર્ષાથી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં ૫૩૨ મી.મી., માણસામાં ૪૪૫ મી.મી., દહેગામમાં ૩૯૪ મી.મી. અને ગાંધીનગરમાં ૨૭૨ મી.મી. વરસાદ શનિવાર સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં થયેલા ભારે વરસાદને પગલે વાહન-વ્યવહાર પર વિપરીત અસરો પડી છે. જિલ્લાના માર્ગોને પણ નુકશાન થવાના અહેવાલો છે. જિલ્લામાં થયેલ ભારે વરસાદને પગલે જિલ્લો જળમગ્ન થયો છે. ખેડૂતો સહિત તમામ લોકોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આ વરસાદ પછી જિલ્લાના હવામાનમાં પણ ખાસ્સુ પરિવર્તન આવ્યુ છે અને વાતાવરણ ઠંડકભર્યુ છે.

જિલ્લામાં હજુ પણ છુટોછવાયો હળવાથી ભારે વરસાદ થવાની સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## ઓડા દૂધ મંડળીએ મંજુરી વિના ગોડાઉનનું બાંધકામ કરતા ફરીયાદ

ઈડર તાલુકાના ઓડા ગામની દૂધમંડળીના સંચાલકોએ એક વર્ષ અગાઉ રૂ. ૩.૩૧ લાખના ખર્ચે ગોડાઉનનું બાંધકામ કર્યુ છે. દૂધમંડળીની વ્યવસ્થાપક કમિટીએ સ્થાનિક પંચાયત તથા જિલ્લા રજીસ્ટાર કચેરીની પૂર્વ મંજુરી ન લેતા તે અંગે ઓડીટમાં બહાર આવતા જિલ્લા રજીસ્ટાર કચેરી દ્વારા દૂધ મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો, કર્મચારીઓ મળીને ૧૨ જણાને નોટીસ આપી તેમની વિરૂદ્ધ ઈડર કોર્ટમાં કેસ દાખલ કરાતા ગામમાં ચકચાર મચી જવા પામી છે.